શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.(ગુજરાતી માધ્યમ) તા:-28/02/2024

## માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા :-2024

આત્મીય વાલીશ્રી,

સવિનય જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ 2023-24 માં ધો.- 9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકે છે. આ પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા યોજવામાં આવે છે. આ પરીક્ષા તા-28/04/2024 ને રવિવારના રોજ યોજવામાં આવશે. પરીક્ષા સ્થળ અલગથી વિદ્યાર્થીને જણાવવામાં આવશે.

માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની ફી ધો.- 9 માટે રૂ.50 છે.જો આપ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આપના પાલ્યને અપાવવા ઈચ્છતા હોય તો આપના પાલ્યએ પરીક્ષા ફી,સંમતિપત્રક અને ડોક્યુમેન્ટ વર્ગશિક્ષકને તા.01/03/2024 સુધીમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે, જેની નોંધ લેવી.

નોંધ:-

- પરીક્ષા ફોર્મ શાળા દ્વારા ઓનલાઈન ભરી આપવામાં આવશે.
- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુવૈકલ્પિક રહેશે.
- ધોરણ:-9 માટે અભ્યાસક્રમ ધો.6 થી 8 સુધીનો રહેશે.
- પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ:-

| ક્રમ | કસોટીનો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|---|
| 1 | ભાષા-સામાન્યજ્ઞાન | 100 | 100 | 90 મિનિટ |
| 2 | ગણિત-વિજ્ઞાન | 100 | 100 | 90 મિનિટ |

- પરીક્ષા આપવા ઈચ્છતાં વિદ્યાર્થીઓની પરીક્ષા સ્થળ સુધી લાવવા-લઇ જવાની વ્યવસ્થા વાલીએ જાતે કરવાની રહેશે.
- આપના બાળકને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અપાવવી ફરજિયાત નથી.
- જો આપ આપના પાલ્યને આ પરીક્ષા અપાવવા ઈચ્છતા હોય તો આપના પાલ્ય સાથે નીચે આપેલ સંમતિ પત્રક ભરી પરત મોકલવું અને આ સંમતિપત્રક સાથે નીચે આપેલ ડોક્યુમેન્ટ પણ ફરજિયાત મોકલવાના રહેશે.
- આધારકાર્ડની ઝેરોક્ષ – 1
- ધોરણ:-8 નાં વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ – 1
- જન્મનું પ્રમાણપત્રની ઝેરોક્ષ – 1
- વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો – 1

આચાર્યશ્રી

---

## સંમતિ પત્રક

તા:-_____/_____2024

પ્રતિ,
આચાર્યશ્રી,
શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.

જય ભારત સહ જણાવવાનું કે મારો / મારી પુત્ર/ પુત્રી..................................................ધો.......વર્ગ............માં અભ્યાસ કરે છે તેમને રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અપાવવા ઈચ્છું છું. મારા બાળકને તા. 28/04/2024 ના રોજ પરીક્ષાના જે-તે કેન્દ્ર પર સમયસર મૂકવા-લેવા માટેની વ્યવસ્થા અમો સ્વયં કરીશું. જેની બાહેંધરી આપું છું.

વાલીશ્રીનું સરનામું ______________________________ વાલીશ્રીનો મો.________________

વિદ્યાર્થીની સહી:-____________________ વાલીની સહી:-________________